# સરસ્વતીના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ. સરસ્વતી, પાટણ જી.પાટણ.

**ક્રિમીનલ કેસ નં.૧૫૦૫/૨૦૨૨**
**આંક–**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરૂઘ્ધ

આરોપી :– ઠાકોર જેસુંગજી અનોપજી જવાનજી
રહે.દેલીયાથરા તા.સરસ્વતી જી.પાટણ

**ગુનો :–ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૫ એએ મુજબ**

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટનો દેશી દારુ લી. ૧ , કિ.રૂા. ૨૦ /–નો મળી આવી પકડાઈ જઈ તેથી આરોપી વિરૂઘ્ધ ગુજરાત નશાબંધી ધારાની કલમ–**૬૫ એએ** મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે પોલીસ સ્ટેશન થી ગુનો દાખલ થયેલ અને તપાસના અંતે પોલીસે આરોપી વિરૂઘ્ધનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પેપર્સની નકલ મફત આપ્યાની ખાતરી કરવામાં આવેલ છે.

(૩) આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે, જેમાં એવી જાહેરાત કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેઓને કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કરી પરીવારનું ગુજરાન ચલાવે છે અને દરરોજ નિયમીત રીતે મજુરી કામ પણ મળતુ નથી તેથી તેઓની અને તેઓના પરીવારનું ગુજરાન કરી શકે તેવી સ્થિતીમાં ન હોવાથી તનાવમાં આવીને ગુનો થઈ ગયેલ છે. વધુમાં, આર્થિક પરીસ્થિતી સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોઈ ટ્રાયલ ચાલવા દરમ્યાન વારંવાર અદાલતમાં આવવાની જરુર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરુરીયાત રહે અને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હીકકતો અને પ્રથમ ગુનો હોઈ અને પોતે ભુલ સુધારવા માંગતા હોઈ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાનો વ્યય ન થાય તે ઘ્યાનમાં લઈને માફી આપવા અને રહેમ ગુજારવા

જણાવેલ છે.

(૫) તમામ રેકર્ડ પરની હકીકતો લક્ષમાં લેતાં વગર પાસ પરમીટે દારુ પોતાના કબજામાં રાખેલ હોવા સંદર્ભનો આક્ષેપ છે. આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે પીધેલ હાલતમાં કોઈની સાથે ઉપદ્રવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી, અભદ્ર ભાષા વાપરી મારામારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના ફરીયાદના ફરીયાદી, તપાસ કરનાર અમલદાર તેમજ પંચો તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં નજીકના ભવિષ્યમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને ફેસલ કરવો સંભવી શકે તેમ નથી. આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલશ્રીઓ સમય, સરકારી સાહેદોનો સમય તથા અદાલતનો સમય તથા આરોપીએ ગુના કબુલ સંદર્ભે રજુ કરેલ હકીકતો અને જયારે આરોપી પોતે પસ્તાવાની લાગણી અનુભવતો હોઈ અને આરોપીની કબુલાતથી સરકારી મશીનરીનો સમય તેમજ અદાલતનો સમય બચી શકે તેમ હોઈ, આ તમામ પરીસ્થિતીઓને ઘ્યાને લઈ તેમજ ગુજરાત રાજય વિ.નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગોને ઘ્યાને લઈ આરોપીને દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

– આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–**<u>૬૫ એએ</u>** મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૧૦૦/–(અંકે રૂપીયા એકસો પુરા) દંડ ભરવાનો આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ–૪૩૭ એ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમની જાણ સબંધીત પોલીસસ્ટેશને કરવી.

આ હુકમ આજરોજ, તા. **૨૧** માહે ડીસેમ્બર સને **૨૦૨૨** ના રોજ, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

➔ **તારીખ:– ૨૧/૧૨/૨૦૨૨**
➔ સરસ્વતી– પાટણ.

**(સંજયકુમાર સુમંતપ્રસાદ જાની)**
પ્રિન્સીપાલ સીવીલ જજ તથા જયુડી.
મેજી.ફ.ક.સરસ્વતી,જી.પાટણ.
**( UI Code : GJ.01187 )**